Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

## સ્નાતક કક્ષાની પ્રવેશ પ્રક્રિયામાં ફોર્મ ભરવાનું ચુકી ગયેલા વિદ્યાર્થીઓ માટેની પ્રવેશ જાહેરાત (બેચ - ૨)
## (શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૦૨૨)

ધોરણ ૧૨ (HSC) તથા તેની સમકક્ષ પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત સંલગ્ન સરકારી, અનુદાનિત તથા સ્વનિર્ભર કોલેજોમાં પ્રથમ વર્ષ B.Com, B.B.A, B.Sc., B.Sc (Computer Science), તથા BCA અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે યુનિવર્સિટીની વેબસાઈટ www.vnsgu.ac.in પર તારીખ ૦૮/૧૦/૨૦૨૧ થી તારીખ ૧૫/૧૦/૨૦૨૧ દરમ્યાન ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરવાનું રહેશે.

B.Com, B.Sc, તથા B.C.A ની પ્રવેશ પ્રક્રિયા સુરત, વલસાડ, નવસારી, બારડોલી અને ભરૂચ એમ પાંચ ઝોન વાઈઝ કરવાની હોવાથી વિદ્યાર્થીઓએ પોતાની પસંદગી ની કોલેજો જે ઝોનમાં આવતી હોય તે જોઈ તે અનુસાર પ્રવેશ ફોર્મ ભરવાના રહેશે. જો કોઈ વિદ્યાર્થી એક કરતાં વધુ ઝોન ની કોલેજો માટે પ્રવેશ ફોર્મ ભરવા માંગતા હોય તો પ્રત્યેક ઝોન માટે અલગ અલગ ફોર્મ ભરવાનું રહેશે. (કયા ઝોનમાં કઈ કઈ કોલેજો નો સમાવેશ કરવામાં આવેલ છે તેની વિગતો વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તે જોયા બાદજ ફોર્મ ભરવાની કાર્યવાહી કરવી). પ્રવેશ અંગેની લાયકાત તથા પ્રવેશ ની સંપૂર્ણ વિગતો યુનિવર્સિટીની વેબસાઇટ પર ઉપલબ્ધ છે તેનો બરાબર અભ્યાસ કર્યા બાદ જ ઓનલાઇન ફોર્મ ભરવું. પ્રવેશ માટેની પ્રોસેસિંગ ફી રૂ. ૧૫૦/- (Non-Refundable) નેટ બેન્કિંગ, ડેબિટ/ક્રેડિટ કાર્ડથી અથવા યુ.પી.આઈ થી જ ભરવાની રહેશે, અન્ય કોઈપણ રીતે રજીસ્ટ્રેશન ઉપલબ્ધ નથી.

તમામ વિદ્યાર્થીઓએ ઓનલાઇન ફોર્મ માં જ પોતાની માર્કશીટ (શાળા તરફથી આપવામાં આવેલી સહી સિક્કા વાળી માર્કશીટ અથવા જે તે બોર્ડની વેબસાઈટ પરથી / ડિજીલોકર પરથી ડાઉનલોડ કરેલી માર્કશીટ ની પી.ડી.એફ. કોપી અથવા અસલ માર્કશીટ નો ફોટો પાડીને) તથા અન્ય જરૂરી પ્રમાણપત્રો ફરજીયાત ઓનલાઇન જ અપલોડ કરવાના રહેશે. એસ.સી, એસ.ટી, એસ.ઇ.બી.સી, ઇ.ડબ્લ્યુ.એસ (આર્થિક રીતે પછાત), પી.એચ. (દિવ્યાંગ), વગેરે કેટેગરીના વિદ્યાર્થીઓએ સંબંધિત પ્રમાણપત્રો પણ ઓનલાઇન ફોર્મ માં જ અપલોડ કરવાના રહેશે.

વિદ્યાર્થી ડેસ્કટોપ કોમ્પ્યુટર, લેપટોપ અથવા મોબાઈલ થી પોતે જ પોતાનું ફોર્મ ભરી શકશે. વિદ્યાર્થીઓએ સાયબર કાફેમાં ન જતાં પોતે ફોર્મ ભરવું અથવા નજીકની કોલેજ અથવા શાળામાં જઈ ફોર્મ ભરવું હિતાવહ છે. કોલેજો તથા શાળાઓ વિદ્યાર્થી પાસે રૂ. ૫૦ લઈ ફોર્મ ભરવાની સુવિધા ઉપલબ્ધ કરાવશે. દક્ષિણ ગુજરાત

યુનિવર્સિટી કાર્ય વિસ્તારમાં આવેલ તમામ શાળાઓ અને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો હેલ્પ સેન્ટર તરીકે કાર્યરત રહેશે. ડોક્યુમેન્ટ જમા કરાવવા કે વેરીફાય કરાવવા કોઈપણ કોલેજ, યુનિવર્સિટી કે હેલ્પ સેન્ટર પર રૂબરૂ જવાનું રહેશે નહીં. ઓનલાઇન ફોર્મ ભરવામાં થતી મુઝવણ માટે હેલ્પલાઇન નંબર ૦૨૬૧૨૩૮૮૮૮૮ પર જ પૂછપરછ કરી સ્પષ્ટતા મેળવી લેવાની રહેશે.સમગ્ર પ્રવેશ પ્રક્રિયા ઓનલાઇન રહેશે, વિદ્યાર્થીએ નિયમિત રીતે પોતાનું ડેશબોર્ડ તથા યુનિવર્સીટી ની વેબસાઈટ ચેક કરવાની રહેશે, ઓનલાઈન ફોર્મમાં વિદ્યાર્થીએ જે કોલેજમાં પ્રવેશ મેળવવો છે તેની પસંદગી કરવાની નથી વિદ્યાર્થી જે ઝોન માટે ફોર્મ ભરશે તે ઝોન ની તમામ કોલેજોમાં ફોર્મ ભરનાર તમામે તમામ વિદ્યાર્થીઓની મેરીટ યાદી મોકલી આપવામાં આવશે, જેતે કોલેજ પોતાની કોલેજમાં બેઠકો ખાલી હશે તો જ મેરીટ યાદી માંથી મેરીટ અનુસાર રાઉન્ડ પાડીને વિદ્યાર્થીઓને બોલાવીને પ્રવેશ કાર્યવાહી કરશે.

વિદ્યાર્થીઓને ફાળવવામાં આવનાર પ્રવેશ પ્રોવિઝનલ ગણાશે, કોઈપણ તબક્કે રજૂ કરેલ દસ્તાવેજ (ડોક્યુમેન્ટ) ની સત્યતા બાબતે અથવા પ્રવેશ માટેની નિર્ધારિત લાયકાતની પરિપૂર્ણતા અંગે કોઈ વિસંગતતા ઊભી થાય તેવા સંજોગોમાં પ્રવેશ રદ કરવા સહિતનો યુનિવર્સિટીનો નિર્ણય આખરી ગણાશે.

અગત્યની નોંધ:.

**જે અભ્યાસક્રમોમાં જે કોલેજોમાં પ્રથમ બેચના વિદ્યાર્થીઓને પ્રવેશ આપ્યા બાદ જો બેઠકો ખાલી પડશે તો જ માત્ર તેવીજ કોલેજોમાં માત્ર ખાલી પડી પડેલી બેઠકો પર પ્રવેશ કાર્યવાહી કરવામાં આવશે.**

ઈ.ચા.કુલસચિવ

તા. ૦૬/૧૦/૨૦૨૨૧

સ્થળ: સુરત